## ટૂંકાગાળાના તાલીમ વર્ગ માટેના માપદંડ

(૧) વાર્ષિક પોગ્રામ સંબંધિત બોર્ડ /કોર્પોરેશનની મીટીંગમાં મંજુર કરાવી તાલીમ વર્ગની જાહેરાત વર્તમાન પત્રોમાં વર્ષમાં એક જ વાર આપી તે તાલીમના વર્ગો માટે સંસ્થાઓની/ તાલીમાર્થીઓની અરજીઓ મંગાવવાની રહેશે. જાહેરાતની વિગતો વેબસાઇટ ઉપર મુકવાની રહેશે.

(૨) <u>તાલીમ વર્ગો મેળવવા માંગતી સંસ્થાઓ નીચે મુજબની લાયકાત ધરાવતી હોવી જોઇએ. .</u>

(a) સંસ્થા તાલીમ માટેની જે તે પ્રવૃતિ સાથે ઓછામાં ઓછા ત્રણ વર્ષથી સંકળાયેલી હોવી જોઇએ.અને અરજી કરતી વખતે તે પ્રવૃતિમાં કાર્યરત હોવી જોઇએ.

(b) નેશનલાઇઝ્ડ બેંક તથા નાબાર્ડ મારફત પણ તાલીમવર્ગ પણ યોજી શકાશે.

(c) સંસ્થાનુ ઓડિટ વર્ષોવર્ષ થતુ હોવુ જોઇએ. છેલ્લા ત્રણ વર્ષના ઓડિટ અહેવાલ રજુ કરેલ હોવા જોઇશે.

(d) સંસ્થા નાણાંકિય સધ્ધર હોવી જોઇએ. નાણાકિય સધ્ધર એટલે માત્ર કાગળ પર ચાલતી હોય તેવી નહીં પરંતુ તાલીમ આપવાની કામગીરીમાં જાણકારી હોય ,અનુભવી હોય ,નિયમિત ઓડીટ થતું હોય , અને રોજગારીમાં મદદરૂપ થતી હોય તેવી સંસ્થા

(e) સંસ્થાએ કુટિર ઉદ્યોગ પ્રવૃતિમાં અગાઉ ત્રણ વર્ષમાં કરેલ કામગીરીના અનૂભવની વિગત રજુ કરવી જોઇશે.

(f)સંસ્થા પાસે તાલીમને અનુરૂપ ઉપલબ્ધ સ્ટાફ,ભૌગોલીક સુવિધા,કલાસ રૂમની વ્યવસ્થા જરૂરી છે.

(g)એકજ સંસ્થાને વારંવાર તાલીમવર્ગો ન મળે તેવુ આયોજન કરવાનું રહેશે.એટલે કે એકજ સંસ્થાને તાલીમના વર્ગો સતત આપવા નહીં.

(h) સંસ્થાની પસંદગી કરતી વખતે આ પ્રકારની અગાઉ આપેલ તાલીમની વિગતો તથા તેમાં તે તાલીમ બાદ તાલીમાર્થિઓની સ્વરોજગારી ઉભી થયાનો રેશીયો ધ્યાને રાખી તાલીમ મંજુર કરવાની રહેશે એટલે કે સંસ્થા દ્વારા જે તે પ્રવૃતિમાં રોજગારીની તક પુરી પાડવામાં આવતી હોય તેને તાલીમવર્ગ આપવાના રહેશે.

(3) <u>તાલીમાર્થિના પસંદગીના માપદંડો નીચે મુજબ રાખવાના રહેશે.:-</u>

(a) તાલીમાર્થિની પસંદગી બહોળી પ્રસિધ્ધિ આપી,અરજીઓ મંગાવી કરવાની રહેશે.

(b) તાલીમાર્થિએ અગાઉ સરકારશ્રીની અન્ય કોઇ પ્રકારની યોજના હેઠળ આવાજ પ્રકારની તાલીમ લીધેલ ન હોય, તે બાબત ધ્યાને રાખવાની રહેશે.

(c) વારસાગત ધંધાકિયપ્રવૃતિ સાથે સંકળાયેલ હોય તેવા તાલીમાર્થિને સબંધીત ટ્રેડ માટે અગ્રીમતા આપવાની રહેશે.

(d) BPL ,આર્ટિઝન કાર્ડ,વિવર્સ કાર્ડ જેવી માન્યતા ધરાવતા તાલીમાર્થિઓને જે તે ટ્રેડનીતાલીમમાં અગ્રીમતા આપવાની રહેશે.

(૪) <u>નિયંત્રણ - રેખદેખ અને અન્ય બાબતે નીચે મુજબના માપદંડનું પાલન કરવાનું રહેશે.</u>

(a) તાલીમનો સમય ૧૨ થી ૫ રાખવાનો રહેશે.

(b) તાલીમાર્થિ સમયસર આવે અને તાલીમનો સમય પુરો થાય ત્યારેજ વર્ગ છોડે તેવી વ્યવસ્થા અચૂક અપનાવવાની રહેશે.

(c) તાલીમાર્થિ પાસે કોઇપણ પ્રકારની ફોર્મફી, રો મટીરીયલ્સની કિંમત, અન્ય કોઇ પણ પ્રકારની રકમ વસુલ લેવામાં ન આવે તેનુ ધ્યાન રાખવાનુ રહેશે.આ બાબતની બહોળી પ્રસિધ્ધિ કરવાની રહેશે.

(d) તાલીમ વર્ગ માટેનુ મકાન પૂરતા હવા-ઉજાસ વાળુ સુવિધા પૂર્ણ પાણી-બાથરૂમની સગવડ ધરાવતુ તથા ૩૦ તાલીમાર્થિઓનો સારી રીતે સમાવેશ થઇ શકે તેવા સ્થળે રાખવાનુ રહેશે.

(e) તાલીમ વર્ગ માટે સરકારી અથવા ગ્રામ પંચાયત નુ મકાન ઉપલબ્ધ થાય ત્યાં સુધી ખાનગી મકાન ભાડે રાખવાનું રહેશે નહી.

(f) તાલીમ વર્ગ અન્વયે ચૂકવવાની થતી તમામ ચુકવણું A/C Pay ચેકથી ચૂકવવાની રહેશે.

(g) તાલીમ માટેનુ જરૂરી રો મટીરીયલ (કાચો માલ) સરકારશ્રીની સ્થાયી સુચનાઓ ધ્યાને લઇ ને જ ખરીદવાનુ રહેશે.

(h) તાલીમ દરમ્યાન દરેક તાલીમાર્થિ ઓછામાં ઓછો એક પ્રોજેટક /નમૂનો (લેટેસ્ટ ડિઝાઇન મુજબના નમુના) બનાવે તે પ્રમાણે વ્યવસ્થા કરવાની રહેશે.

(i)) તાલીમાર્થિ દ્વારા ઉત્પાદીત તમામ માલની નોંધ રજીસ્ટરમાં રાખવાની રહેશે. આ બાબતના જરૂરી રજીસ્ટરો જેવાકે કાચો માલ,ઉત્પાદીત માલ, વેચાણ માલ કિમતની નોંધ વિગેરેરજીસ્ટરોનિભાવવાના રહેશે. (ઇનસ્ટ્રકટરને વર્ગ આપતાં પહેલાં તેની તાલીમવર્ગને લગતી લાયકાત છે કે કેમ તે બાબત ચકાસી લેવાની રહેશે..

(j) તાલીમ દરમ્યાન તાલીમાર્થિઓ દ્વારા ઉત્પાદીત થયેલ માલ/નમુનાનો નિકાલ કુટિર મંદીર યોજના અંગેના સરકારશ્રીના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા૫/૬/૨૦૧૦ના ક્રમાંક બજટ/૧૦૨૦૦૯/૨૧૧૩/ખ-૧ ઠરાવ મુજબ કરવાનો રહેશે..

(k) તાલીમ વર્ગશરૂ કરવાના સમયે સબંધીત જિલ્લા ઉધોગકેન્દ્રના અધિકારી/પ્રતિનિધિને હાજર રાખવાના રહેશે. અને તેઓની હાજરીમાં વર્ગ શરૂ થાય તેની કાળજી રાખવાની રહેશે.

(l) તાલીમાર્થિઓને સ્ટાઇપેન્ડનીચૂકવણી સમયે સબંધીત નિગમના બોર્ડ/કોર્પોરેશનના પ્રતિનિધિને હાજર રાખવાના રહેશે. અનેચૂકવણી બાદ રજીસ્ટરમાં સહી મેળવી લેવાની રહેશે.

(m) તાલીમ દરમ્યાન કમિશ્નરકુટિર અને ગ્રામોધોગ દ્વારા ચાલતી તમામ યોજનાઓની માહિતિ તાલીમાર્થિઓને આપવાની રહેશે. અને તાલીમના અંતે વધુ માં વધુ તાલીમાર્થિઓ યોજનાઓનો લાંભ લે તે માટેના પ્રયત્નો કરવાના રહેશે.

(n) તાલીમ વર્ગની સ્થળ ચકાસણી સબંધિત બોર્ડ/નિગમનાઅધિકારીશ્રીએ દર માસે ઓછામાં ઓછા એક વખત અચૂક કરવાની રહેશે. અને તેનુ ડોકયુમેન્ટેશન કરી માહિતિ સાથેનો અહેવાલ રજુ કરવાનો રહેશે.

(o) બોર્ડ/નિગમ/સંસ્થાનએ તેઓને સોંપવામાં આવેલ મૂળભૂત કામગીરીના જ તાલીમ વર્ગ ચલાવી શકશે. એટલે કે ,

(અ) ગુ.હા.અને હ.વિ.નિગમે હાથશાળ અને હસ્તકલાને લગતા તાલીમવર્ગ ચલાવવાના રહેશે.

(બ) ગુ.ખાદી ગ્રામોદ્યોગ બોર્ડે. ગ્રામોદ્યોગને લગતા વર્ગો ગ્રામ કક્ષાએ ચલાવવાના રહેશે.

(ક) ગુ.માટીકામ અને ગ્રામ ટેકનોલોજી સંસ્થા તથા ગ્રીમકો એ તેમની મુળભૂત કામગીરીને લગતા તાલીમવર્ગ ચલાવવાના રહેશે.

(p) કમિશ્નરકુટિર અને ગ્રામોધોગ કચેરીના અધિકારીશ્રી/પ્રતિનિધિશ્રી તથા સબંધિત જિલ્લા ઉધોગકેન્દ્રનાં જવાબદાર અધિકારીશ્રી વિગેરેએ સમયાંન્તરે તાલીમ વર્ગની મુલાકાત લઇ અહેવાલ કરવાનો રહેશે.

(q) સંસ્થા દ્વારા તાલીમ વર્ગ મેળવવા માટેનુ અરજી પત્રક તથા તાલીમ વર્ગમાં પ્રવેશ મેળવવા માટેના

અરજી પત્રકનો નિયત નમૂનો આ સાથે સામેલ છે. તે નમુનામાં જ અરજીઓ મેળવવાની રહેશે.

(r) તમામ તાલીમવર્ગોનુ ડોકયુમેન્ટેશન કરવાનુ રહેશે.

ઉકત તમામ સુચનાઓનો અમલ તાત્કાલીક અસરથી કરવાનો રહેશે. અને તેની અમલવારી હવે પછીના તમામ તાલીમ વર્ગમાં અચુક કરવાની રહેશે.